જિલ્લામાં પ્રાંતની પુનઃ રચના મંજૂર : અન્યની હદમાં ફેરફાર

અરવલ્લીમાં હવે ત્રણ પ્રાંત કચેરી શામળાજીમાં નવી પ્રાંતને મંજૂરી

અરવલ્લી જિલ્લાની રચનાના ૧૩ વર્ષ બાદ અને જિલ્લા ખાતે બે પ્રાંત કચેરીઓની પુનઃ મોડાસા,તા.૨૦ રચનાના ૧૨ વર્ષ બાદ શામળાજી મુખ્ય મથક ધરાવતા નવીન પ્રાંતની રચનાને રાજ્યના મહેસુલ વિભાગે મંજૂરી આપતા હવે ૮ તાલુકાના અરવલ્લી જિલ્લામાં ૩ પ્રાંતની રચના થશે.

જિલ્લાના આઠ તાલુકાને ત્રણ પ્રાંતમાં સમાવાયા : શામળાજી પ્રાંતમાં ભિલોડા, શામળાજી અને મેઘરજ તાલુકાનો સમાવેશ

વર્ષ ૨૦૧૩ માં બૃહદ સાબરકાંઠામાંથી ૬ તાલુકાઓના ૬૭૨ ગામોના વિસ્તારને અલગ પાડી અરવલ્લી જિલ્લાની રચના કરાઈ હતી. અને તા.૯/૧/૨૦૧૪ ના દરોજથી અરવલ્લી જિલ્લામાં ૨ મોડાસા અને બાયડ પ્રાંતની રચના કરી પ્રાંત કચેરીઓ શરૂ કરાઈ હતી. ૨૦૨૫ માં જિલ્લામાં શામળાજી અને સાઠંબા બે નવીન

૧૨ વર્ષ બાદ ત્રીજી પ્રાંત કચેરીનો ઠરાવ કરાયો
૧૫ દિવસમાં નવીન પ્રાન્ત કચેરી શરૂ થશે

તાલુકાઓની જાહેરાત કરાતાં જિલ્લામાં કુલ ૮ તાલુકા અસ્તિત્વમાં આવ્યા હતા. મોડાસા પ્રાંત કચેરી હેઠળના ભિલોડા તાલુકાવાસીઓને પ્રાંત કક્ષાના કામો માટે છેક મોડાસા સુધી લાંબા થવાનો વારો આવતો હતો. આથી અરવલ્લી જિલ્લા કલેક્ટર મિલિન્દ બાપના દ્વારા શામળાજી ખાતે નવીન પ્રાંત કચેરીની રચના અને હયાત મોડાસા અને બાયડ પ્રાંત કચેરીઓની પુનઃ રચના માટે રાજ્ય સરકારમાં જરૂરી દરખાસ્ત કરાઈ હતી.

રાજ્ય સરકારના મહેસુલ વિભાગ દ્વારા વિચારણા અંતે આ દરખાસ્ત મંજૂર કરતાં નવીન પ્રાંત કચેરીઓ શરૂ કરવા સુવિધાઓ, નાગરિકોને ઝડપથી અને સરળતાથી મળી રહેશે અને આગામી ૧૫ દિવસમાં શામળાજી ખાતે નવીન પ્રાંત કચેરી શરૂ કરી શામળાજી પ્રાંતની રચના અને હયાત પ્રાંત કચેરીઓની પુનઃ રચનાનો આદેશ રાજ્ય મહેસુલ વિભાગના ઉપસચિવ દ્વારા કરાયોછે. અરવલ્લી જિલ્લા કલેક્ટર દ્વારા જણાવાયું હતું કે આ નિર્ણયને પગલે વિવિધ યોજનાકીય લાભો શાસકીય એક માસમાં નવા પ્રાંત અધિકારીની નિમણૂંક કરાશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી પ્રાંત કક્ષાના મહેસુલી અને વહીવટી કામો માટે અન્ય પ્રાંત મથક સુધી જવું પડતું હતું તે હવે નજીકના સ્થળેથી સેવાઓનો લાભ મળી રહેશે એમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં પ્રાંત કચેરીઓનું વિભાજન અને નવીન પ્રાન્તની રચના

પ્રાંત	મુખ્ય મથક	સમાવિષ્ટ તાલુકા
મોડાસા	મોડાસા	મોડાસા, ધનસુરા
બાયડ	બાયડ	બાયડ,માલપુર, સાઠંબા
શામળાજી	શામળાજી	ભિલોડા,શામળાજી, મેઘરજ

મોડાસા પ્રાન્તનું કદ ઘટયું : ત્રણ તાલુકાનો નવા પ્રાન્તમાં સમાવેશ

અરવલ્લી જિલ્લાની રચનાસમયે મોડાસા પ્રાંતમાં મોડાસા, ભિલોડા અને મેઘરજ તાલુકાનો જ્યારે બાયડ પ્રાંતમાં બાયડ, ધનસુરા અને માલપુર તાલુકાઓનો સમાવેશ કરાયો હતો. જિલ્લામાં બે નવા તાલુકા રચાતાં શામળાજીને મોડાસા પ્રાંતમાં અને સાઠંબાને બાયડ પ્રાંતમાં સમાવી વહીવટ કરાયો હતો. પરંતુ નવીન પુનઃ રચનાને પગલે હવે મોડાસા પ્રાંત હેઠળ માત્ર બે તાલુકા, જ્યારે બાયડ પ્રાંત હેઠળ ત્રણ તાલુકા રાખી નવીન શામળાજી પ્રાંતમાં ૩ તાલુકાનો સમાવેશ કરતાં મોડાસા પ્રાંતનું કદ ઘટયું હતું.

ગત વર્ષની તુલનાએ વરસાદની સરેરાશ ઘટ ૧૭ ટકાને પાર

ઉત્તર ગુજરાતમાં વરસાદની અછત વચ્ચે ૩.૫૫ લાખ હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર

ઉત્તર ગુજરાત ઝોનમાં વરસાદની ઘટ સતત વધી રહી છે. તા.૨૦ ઑગષ્ટની સ્થિતિએ વરસાદની ઘટ ૧૭ ટકાને પાર કરી ગઈ છે. ખેડૂતોએ હવે અન્ય ખરીફ પાકના વાવેતર કરતાં ઘાસચારાના વાવેતર ઉપર ધ્યાન આપ્યું છે. અત્યાર સુધીમાં ૩.૫૫ લાખ હેક્ટરમાં પશુઓ માટે ઘાસચારાનું વાવેતર થયાનું જાણવા મળ્યું છે. (તસ્વીર : પ્રવિણ પટેલ)

હિંમતનગર, તા.૨૦

શ્રાવણ મહિનો સડસડાટ પસાર થઈ ગયો છે. ચોમાસુ મધ્યાંતરમાં છે છતાં ઉત્તર ગુજરાત ઝોનમાં તા.૨૦ ઑગષ્ટની સ્થિતિએ ગત વર્ષની સરખામણીએ વરસાદની ઘટ વધીને ૧૭ ટકાને પાર કરી ગઈ છે. સતત વરસાદની અછતના કારણે ઉત્તર ગુજરાત ઝોનમાં હવે ખેડૂતોએ ઘાસચારાના વાવેતર ઉપર ધ્યાન કેન્દ્રીત કરતાં વાવેતરમાં ઉછાળો આવી રહ્યો છે. અત્યાર સુધીમાં ઉત્તર ગુજરાત ઝોનના ૭ જિલ્લામાં ૩,૫૫,૪૦૦ હેક્ટર જમીનમાં ઘાસચારાનું વાવેતર થયું છે.

ગત વર્ષ કરતાં સાબરકાંઠા જિલ્લામાં ૩૯, બનાસકાંઠામાં ૩૮ અને અરવલ્લીમાં ૧૮ ટકા ઓછો વરસાદ નોંધાયો

ગત વર્ષ કરતાં આ વર્ષે સાબરકાંઠા-૩૯, બનાસકાંઠા-૩૮ અને અરવલ્લીમાં ૧૮ ટકા ઓછો વરસાદ નોંધાતાં આગામી સીઝન માટે ખેડૂતોમાં અત્યારથી ચિંતા હાવિ થઈ છે. ઉત્તર ગુજરાત ઝોનમાં આગામી દિવસોમાં વરસાદ લાવનારી સીસ્ટમ સક્રીય થવાની આગાહી પછી છેલ્લા ૨ દિવસથી વાદળો ગોરંભાય છે પરંતુ મધ્ય નક્ષત્રમાં વાદળો ન વરસતાં ખેડૂતો ચિંતિત બન્યા છે.

કેટલાક વિસ્તારોમાં વરસાદની ખેંચના કારણે ખેડૂતોએ ખરીફ વાવણીને બચાવવા સિંચાઈનો પાણી મૂકવાની શરુઆત કરી છે તો કેટલાક ખેડૂતો માટે હવે અલ્ટિનિનોની અસર લાંબી થશે તેવું માની અન્ય ખરીફ પાકની વાવણી કરવા કરતાં માત્ર ઘાસચારો વાવવાનો નિર્ણય કર્યો છે.

આમેય ઉત્તર ગુજરાત ઝોનમાં ૬૫ લાખથી વધુ નાના-મોટા પશુઓ માટે વરસાદની ખેંચ વચ્ચે ઘાસચારાની અછત ઉભી થશે. આ બાબત ધ્યાને રાખી ખેડૂતો દ્વારા હવે વરસાદ હાથતાલી આપશે તેવી આકાંક્ષાએ ઘાસચારાની વાવણીમાં મન પરોવી દીધું છે.

ઉત્તર ગુજરાત ઝોનમાં વરસાદની ઘટ

જિલ્લો	વરસાદ	ગત વર્ષનો	વરસાદની ઘટ(ટકાવારી)
સાબરકાંઠા	૪૬.૯૧	૮૯.૨૯	૩૯.૯૫
અરવલ્લી	૪૬.૧૮	૬૪.૩૧	૧૮.૧૩
મહેસાણા	૯૨.૩૩	૯૫.૩૮	૩.૦૫
ગાંધીનગર	૯૨.૧૩	૧૩.૦૮	૫ ટકા વધુ
પાટણ	૬૬.૪૬	૫૪.૧૩	૧૨.૩૩ ટકા વધુ
બનાસકાંઠા	૫૧.૨૫	૯૦.૧૬	૩૮.૯૧
વાવ-થરાદ	૬૯.૨૨	૦૦	--

ઉત્તર ગુજરાતમાં ઘાસચારાનું વાવેતર

જિલ્લો	વાવેતર
સાબરકાંઠા	૧૦,૮૦૦
અરવલ્લી	૧૯,૯૦૦
બનાસકાંઠા	૮૨,૧૦૦
વાવ-થરાદ	૭૨,૯૦૦
પાટણ	૯૯,૧૦૦
મહેસાણા	૪૯,૫૦૦
ગાંધીનગર	૨૪,૦૦૦

યાત્રિકોની સુરક્ષા માટે સુપ્રીમના આદેશનું પાલન કરાશે?

અંબાજીમાં ભાદરવી પૂનમના મેળામાં ફૂટપાથ ખુલ્લી રાખવી તંત્ર સામે પડકાર

અંબાજી તા.૨૦

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આગામી તારીખ ૨૦ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન ગુજરાતના સૌથી મોટા ઘા મક લોકમેળા એવા ભાદરવી પૂનમ મહામેળાની શરૂઆત થવાના હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. આ મહામેળામાં રાજ્યભરમાંથી તેમજ બહારથી અંદાજે ૩૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. આટલી વિશાળ જનમેદનીને ધ્યાને રાખીને સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ મેળા દરમિયાન અંબાજીના તમામ માર્ગો પર આવેલી ફૂટપાથો યાત્રિકોની સલામતી માટે સંપૂર્ણપણે ખુલ્લી રાખવી અત્યંત જરૂરી બની ગઈ છે.

માઈભક્તોની સુરક્ષા કાજે કોર્ટના આદેશ મુજબ આ વખતે ફૂટપાથો, રસ્તાઓ દબાણમુક્ત રાખવા માગ

જ્યારે મહામેળાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે, ત્યારે તાજેતરમાં જ દેશની સ્પષ્ટ આદેશ કર્યો છે. સામાન્ય રીતે અંબાજીમાં ભાદરવી મેળા દરમિયાન સ્થાનિક તંત્ર, ગ્રામ પંચાયત તથા તાલુકા પંચાયત દ્વારા ફૂટપાથોનું પ્લોટિંગ કરીને તેની જાહેર હરાજી કરવામાં આવે છે. જેનાથી તંત્રને લાખો રૂપિયાની આવક થાય છે.મેળા દરમિયાન જો કોઈ પણ ઠેકમ ફૂટપાથ પર ગેરકાયદેસર દબાણ કરે તો તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવી જરૂરી છે. તંત્ર દ્વારા સતત ૨૪ કલાક તમામ માર્ગોનું ચેકિંગ થવું જોઈએ જેથી કોઈ અસામાજિક કે આર્થિક લાભ ખાંતતા તત્વો આ સરકારી જમીન કે ફૂટપાથો બારોબાર વેચી ન મારે. યાત્રિકોના હિત અને સુરક્ષાને પ્રાથમિકતા આપી તંત્ર યોગ્ય વ્યવસ્થા ગોઠવે તેવી માઈભક્તો આશા રાખી રહ્યા છે.

૨૪ કલાક પેટ્રોલિંગ અને દબાણ હટાવ ઝુંબેશ જરૂરી

અંબાજીના માર્ગો પર મેળા દરમિયાન ભૂમાફિયા કે સ્થાનિક તત્વો બારોબાર ફૂટપાથો વેચી ન મારે તે માટે તંત્રે ૨૪ કલાક કડક વિજિલન્સ ચેકિંગ ગોઠવવું પડશે.

હરાજીથી થતી લાખોની આવક જતી કરવી પડશે

દર વર્ષે ભાદરવી પૂનમના મેળા દરમિયાન અંબાજી ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત દ્વારા ફૂટપાથો પર વેપાર કરવા માટે પ્લોટિંગ કરીને જાહેર હરાજી કરવામાં આવે છે. આ હરાજીથી તંત્રને લાખો રૂપિયાની કમાણી થાય છે. પરંતુ આ વખતે સર્વોચ્ચ અદાલતના આદેશનું પાલન કરવા માટે તંત્રે આ આવક જતી કરીને શ્રદ્ધાળુઓની સુરક્ષાને પ્રાધાન્ય આપવુ પડશે.

જો કોઈ વ્યક્તિ ફૂટપાથ પર દબાણ કરવાનો પ્રયાસ કરે તો તેની સામે તાત્કાલિક કાયદેસરની પોલીસ કાર્યવાહી હાથ ધરવામાં આવે તે અત્યંત જરૂરી છે.

સર્વોચ્ચ અદાલતે ફૂટપાથો પર કોઈપણ જાતનું દબાણ ન થવું જોઈએ અને તે માત્ર રાહદારીઓ માટે જ ખુલ્લી રહેવી જોઈએ તેવો

લોક પ્રકાશન લી. મહેસાણા વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે ૧૧૪-૧૧૫, જી.આઈ.ડી.સી. એસ્ટેટ મહેસાણા હાઈવે, મહેસાણા ખાતે છાપ્યું અને પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ

વાવ થરાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે

મોરીખાના દલિત યુવક હત્યા કેસમાં ૪ દિવસથી કલેક્ટર કચેરીએ ધરણાં

થરાદ,તા.૨૦

મોરીખા ગામના દલિત યુવક સ્વ. લખીરામની શંકાસ્પદ સંજોગોમાં થયેલી હત્યા મામલે પીડિત પરિવાર અને દલિત સમાજ દ્વારા ન્યાયની માગ સાથે ધરણાં પ્રદર્શનનો આજે ચોથો દિવસ પુરો થયો છે .સોમવારથી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે શરૂ થયેલા આ વિરોધ પ્રદર્શનમાં ચોથા દિવસે પણ તંત્ર કે પોલીસ વડા તરફથી યોગ્ય અને ન્યાયિક કાર્યવાહી ન થતાં પીડિત પરિવાર અને સમગ્ર દલિત સમાજમાં તીવ્ર આક્રોશ વ્યાપી ગયો છે .પીડિત પરિવાર અને સામાજિક આગેવાનોનો આક્ષેપ છે કે યુવક લખીરામની હત્યા થઈ હોવાના

તમામ સ્પષ્ટ પુરાવાઓ દલિત સમાજ દ્વારા તંત્ર સમક્ષ રજૂ કરી દેવામાં આવ્યા છે છતાં પણ પોલીસ અને જિલ્લા તંત્ર કાયદાકીય કાર્યવાહી કરવામાં અવળું પડી રહ્યું છે હત્યાનો ગુનો દાખલ કરવામાં આવે તેવી પીડિત પરિવાર અને દલિત સમાજના આગેવાનોએ એકસૂરે સ્પષ્ટ ચેતવણી આપી છે.

અવસાન નોંધ
શ્રી સરસ્વતિ મુક્તિધામ ટ્રસ્ટ, સિધ્ધપુર

-સ્વ. ધોયા પરશીભાઈ ગણશભાઈ, ઉ.વ.૭૨, મજતપુર, વડગામ
-સ્વ. પટેલ કાન્તાબેન વિઠલદાસ, ઉ.વ.૮૫,સુંઢિયા, વડનગર
-સ્વ. પટેલ ઝાતેજભાઈ બાબુભાઈ, ઉ.વ.૬૫,સેરેર,પાટણ
-સ્વ. પટેલ રતનબેન માધવલાલ, ઉ.વ.૮૨,ટુંડાવ,ઊંઝા
-સ્વ. પટેલ જેઠાભાઈ ભુદરદાસ, ઉ.વ.૬૯,અમદાવાદ
-સ્વ. ઠાકોર રઈબેન માનસંગજી, ઉ.વ.૮૧,ખટાસણા,ઊંઝા
-સ્વ. ચૌધરી વજુબેન કાયાભાઈ, ઉ.વ.૮૦,ખેરાલુ
-સ્વ. ચૌધરી કાન્તાબેન હકાભાઈ, ઉ.વ.૭૦,પાન્શા,ખેરાલુ
-સ્વ. રાજપૂત હનુમતસિંહ પ્રભુસિંહ, ઉ.વ.૬૫,પાટી,દસ્રાડા
-સ્વ. પટેલ અંકિતકુમાર મહલાદભાઈ, ઉ.વ.૩૩, મકતુપુર, ઊંઝા
-સ્વ. ઠાકોર રમેશજી મફાજી, ઉ.વ.૫૭,ઉંપેરા,ઊંઝા
-સ્વ. ઠાકોર ગંગુબેન અંબારામજી, ઉ.વ.૬૬,ઊંઝા
-સ્વ. ઠાકોર શાન્તાબેન જેઠાતારામ, ઉ.વ.૦૫,મહેસાણા
-સ્વ. પટેલ પશાભાઈ ઝાતેજભાઈ, ઉ.વ.૨૮ ,માંડોળી, પાટણ
-સ્વ. પટેલ દિવાળીબેન કેશવલાલ, ઉ.વ.૮૧,મહેસાણા
-સ્વ. મેહાત સંતોકબેન ઊમભાઈ, ઉ.વ.૯૮,ગઢ,પાલનપુર
-સ્વ. ઠાકોર શિવાજી બાબુજી, ઉ.વ.૪૭,કામલી,ઊંઝા
-સ્વ. દેવીપૂજક સુરેશકુમાર મહાભાઈ, ઉ.વ.૫૩, આંકલી, સિધ્ધપુર
-સ્વ. હસમુખભાઈ બાજીદાસ પટેલ, ઉ.વ.૬૨,કામલી,ઊંઝા
-સ્વ. ચૌધરી શીવીબેન ત્રિકમભાઈ, ઉ.વ.૧૦૮,તેતરવા,ભાભર
-સ્વ. રજપૂત દલપુજી રાજપૂત, ઉ.વ.૯૧,સુણક,ઊંઝા.

પાલનપુર એલસીબીની ટીમે દબોચી લીધા

ધાનેરા તાલુકાના સિયા ગામના બે રીઢા વાહનચોર ઝડપાયા

પાલનપુર તા.૨૦

પાલનપુર એલસીબી પોલીસની ટીમે વાહન ચોરીના કેસો ઉકેલવા સઘન તપાસ હાથ ધરીને ધાનેરા તાલુકામાં સિયા ગામના બે શાતીર અને રીઢા વાહન ચોરને ઝડપી પાડ્યા છે પોલીસની તપાસમાં આ બન્ને રીઢા વાહન ચોરની ૪૫ થી વધુ વાહન ચોરીમાં સંડોવણી ખુલ્લી આવી શકે જોકે આ વાહન ચોરો પાસે થી ચોરી કરાયેલા બે બાઈક કબ્જે કરી આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે.

બંને આરોપીઓની ૪૫થી વધુ વાહન ચોરીના ગુનામાં સંડોવણી હોવાનું ખૂલ્યું : બે બાઈક કબ્જે કરાયા

બનાસકાંઠા જિલ્લામાં વધતા જતા વાહન ચોરીના બનાવો રોકવા અને રીઢા વાહન ચોરોને ઝડપી લઈ વાહન ચોરીમાં કેસો ઉકેલવા પાલનપુર એલસીબી પોલીસની ટીમે બાતમી તેમજ ખુબજ સોર્સમાં આધારે ધાનેરા તાલુકાના સિયા ગામના નરપતસિંહ ઉર્ફે નપીયો રામસિંહ બારસિંહ રાજપૂત અને ચેતનસિંહ ઉર્ફે ભગત ઉકાભા ચમનાજી રાજપૂતને ઝડપી પાડી તેમની કડક પૂછતાછ કરતા તેમને બીલેરી અને ટીસામાંથી બાઈકની ચોરી કરી સોલાની જિલ્લામાં ૪૫ થી વધુ વાહન ચોરીમાં તેમની સંડોવણી હોવાની કબુલાત કરતા આ રીઢા વાહન ચોર બન્ને આરોપીની ચોરીના બે બાઈક સાથે અટકાયત કરી તેમની સામે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

જાહેર નોટીસ

મે.એસ્ટુલા સી ઓફ. લીમ. કમર્શીયલ ઓફી.લીમ. જુની મેટ્રુ. સર્વીસીસની કોર્ટ, મુ.મેસણ
સરનામાં: ઉત્તરાંચલ સોસાયટી કલોલ રોડ,મણુ, મુ.તા.મેહસુ.જી.મહેસાણા ફોન નંબર:૦૨૭૬૮૮૮૮૮ તા.૦૧/૦૮/૨૦૨૦
સરનામાં : (૧) નિર્ભયસિંહ, પોલી બાબાભાઈ નાગરભાઈ (કોલ્યમણા) ઉ.વ.નિવૃત્ત વિગત
મુ.સોલિંગ તા.મેહસુ.જી.મહેસાણા
ઉપરના સુચના સોસાયટી સેક્રેટરીના મેઈલ કરતા મળ્યા હોવા અંગે સુચના મોકલ તમામ સભ્યોનાં સુચનાં કરવાં સારુ ચેરમેન સેક્રેટરીના સરનામાં પર મોકલી આપવા ફરજીયાત સુચના આપવામાં આવે છે. જેમ કોઈ સભ્ય સોસાયટીના કામકાજ અંગે સુચનાં કરવાં માગતા હોય તો તેમણે સોસાયટીના સભ્યોનાં સુચનાં કરવાં સારુ સભ્ય તરીકે પોતાનાં નામ તથા સરનામાં સાથે સોસાયટીની ઓફીસ ખાતે રજીસ્ટર કરાવવાં ફરજીયાત છે. જેથી તેમની જાણકારી કરતાં સભ્ય તરીકે પોતાનાં નામ તથા સરનામાં સોસાયટીના રજીસ્ટરે કરી અમોને મોકલી આપવાં ફરજીયાત છે. જેથી તેમની સોસાયટીના સભ્યોનાં સુચનાં કરવાં સારુ સભ્ય તરીકે પોતાનાં નામ તથા સરનામાં સોસાયટીના રજીસ્ટરે કરી અમોને મોકલી આપવાં સારુ